**<u>આંક ૧૬,૧૯,૨૦ તથા આં ક ૨૧ ની અરજીઓ તળે સં યુકત હુકમ</u>**

આ કામના પ્રતિવાદી નં.૧,૨ અને ૩ નાએ આંક ૧૬ થી, પ્રતિવાદી નં.૪નાએ આંક ૧૯ થી,પ્રતિવાદી નં.૫ નાએ આંક ૨૦ થી તથા પ્રતિવાદી નં.૨૫, ૨૬ નાએઆંક ૨૧ થી સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧(ડી) નીચે મુજબની હકીકતે આ કામના વાદીનો હાલનો દાવો નામંજુર કરવા માટે આપેલ છે.

પ્રતિવાદી નં.૧,૨,૩ તરફે આંક–૧૬ લગત વાદીનો દાવો રદ કરવા અરજ છે કે, તેઓ અને વાદી વચ્ચે કોઈ પ્રીવીટી ઓફ કોન્ટ્રેકટ ન હતો અને નથી સબબ દાવો ચાલી શકતો નથી. કહેવાતા કરારોના અમલ અંગે જે આધાર રાખવામાં આવ્યો છે તે કહેવાતા કરારોના આધારે પણ વાદીનો દાવો સમયમર્યાદા બહારનો હોવાથી મુળથી જ રદ યાને નિરર્થક છે. આ કામના વાદી પોતાના કથન પ્રમાણે વાદી ગેરકાયદેસરના કરારના અમલબજવણી માટે નામદાર અદાલતમાં આવ્યા છે જે કાયદાકીય જોગવાઈઓ સાથે સુસંગત નથી અને ગેરકાયદેસરના કરારનો કાયદાની કોર્ટ ધ્વારા અમલ કરાવી શકે નહી.વાદીના કહેવાતા કરારો કોન્ટ્રેકટ એકટની કલમ ૨૩ અનુસાર પબ્લીક પોલીસી વિરુધ્ધનો છે. આ દાવામા સમવિષ્ટ થયેલા કહેવાતા કરારના આવશ્યક તત્વોની ગેરહાજરી છે સબબ દાવામાં સમવિષ્ટ થયેલા કહેવાતા કરારો કાયદા મુજબના નથી સબબ તેનુ સ્પેસીફીક પરફોર્મન્સ થઈ શકતુ જ નથી.તારીખ ૨૮.૦૨.૨૦૧૨ ના રોજ કરારનું સ્પેસીફીક પરફોર્મસ માંગી શકે નહી કારણ કે તે જે મીલકત સબંધે છે તેમાં તો વાદીએ પોતે હિસ્સો નકકી કરી જ દીધો છે૭૫ ટકા વાદીનો અને૨૫ ટકા ચીમનલાલ ચાંદમલ જૈનનો તો તે ૨૮.૦૨.૨૦૧૨ નો કરાર અસ્તિત્વમાં રહેતો નથી કારણ કે મીકલત ભાગીદારીમાં છે તેવું વાદી કબુલ કરે છે. ગેરકાયદેસરનો અને બીનઅમલી જાહેર કરવાની વાત કરી છે અને તે કરારમાં વાદીએ ૨૮.૦૨.૨૦૧૨ ના કરારોમાં પ્રસ્થાપિત કરેલી અને તે પછી સુધારા વધારા, ફેરફારવાળી જે શરતો હતી તેશરતોમાં મહત્વની આ છેલ્લા કરાર જે૩.૧૨.૨૦૧૬ નો કરારમાંઉલ્ટાવી નાંખવામાં આવે છે અને અન્ય પર જવાબદારી લાદવામાં આવી છે. જેથી કરારનો બાધ નડતો નથી. વાદીએ સ્પેસીફીક પરફોર્મન્સનો આ દાવો કઈ કલમ હેઠળ કર્યો છે તેની વિગત દાવામાં જણાવી નથી. આ એકટમાં જુદી જુદી પરિસ્થિતિ માટે જુદી જુદી જોગવાઈઓ છે અને તે અલગ

અને સ્વતંત્ર ઉપાય સુચવે છે અને કેટલીક જોગવાઈઓ પ્રતિબંધ ફરમાવે છે સટા સ્વરૂપનો સંદિગ્ધ અને અસ્પસ્ટ છે. આ દાવામાં ડીફોલ્ટીંગ પાર્ટી જ નથી અને તેની કબુલાત પણ વાદીની છે. વાદીએ જે ચેકથી ચુકવણી કરી છે તે ચેક સબંધેના કોઈ દસ્તાવેજ રજુ કર્યા નથી કે બેંક ખાતુ રજુ કર્યુ નથી આ ગં ભીર પ્રકારનું સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસ છે. જેની સાથે કરાર કરેલ છે તે મુખ્ય કરારની પાર્ટી દાવામાં પક્ષકાર નથી. અને દાવો જે પાર્ટી સાથે કરાર કર્યો છે તેની સામે થઈ શકતો નથી. માટે ખોટા, અપ્રમાણીક કથનો કરી જે પાર્ટી પક્ષકારો નથી તે ને આમેજ કરી ન્યાયીક પ્રક્રિયા સાથે દગો કરી દાવો કર્યો છે. દાવાના કથનો અનુસાર મોટા ભાગના પ્ર તિવાદીઓ અને વાદી વચ્ચે કોઈ કરાર જ અસ્તિત્વમાં નથી. વાદીનો દાવો પક્ષનિવેદન અને રજુ કરેલ દસ્તાવેજો જોઈએ તો કોઈ કરાર પર આધારીત જ નથી. અને જે કરારની વાત કરે છે તે કરાર પૈકી કેટલાક કરારો અસ્તિત્વ ધરાવતા નથી. જેથી જે બીનઅસ્તિત્વ ધરાવતા કરારો અંગેના પુરવણી કરાર એટલે કે કન્ટીજન્સી કરારનો સ્પેસીફીક અમલ થઈ શકે નહી, રદ કરેલા કરારોનો સ પેસીફીક અમલ થઈ શકે નહી અને તેથી આ દાવો સ્પેસીફીક પરફોર્મન્સનો નથી કે ગણી શકતો નથી. પરિપેક્ષમાં સદર કામના પ્રતિવાદીનો સમાવેશ થતો નથી અને તે જ પરિપેક્ષમાં કોણ દાવાનુ સ્પેશીફીક પરફોર્મન્સ મેળવી શકે તેમાં વાદીનો સમાવેશ થતો નથી. આ દાવાને સ્પેસીફેક રીલીફ એકટની કલમ ૧૭,૧૮ નો પણ બાધ નડતો હોવાથી કાયદા અનુસાર દાવો ચાલી કે ટકી શકતો નથી અને રદ થવાને પાત્ર છે. આ કામના વાદીએ મુળ કરાર રજુ કર્યા નથી કારણ કે વાદીના કહેવા મુજબ સ્થાવર મીલકતમાં હીત ઉપસ્થિત કરવા કરાર હોવાનું જણાવેલ છે આથી દસ્તાવેજ ફરજીયાત પણે રજીસ્ટર્ડ હોવા જરૂરી છેજે રજુ નથી આથી આવા દસ્તાવેજોની કાયદામાં કોઈ કિંમત નથી કે આવા કરારોના આધારે દાવો થઈ જ શકતો નથી. વાદી જે કરારની અમલ બજવણી માટેઆવ્યા છે તે મુળ કહેવાતા કરાર કે કરારો કોન્ટ્રેકટ એકટ હેઠળના કે અનુસાર કરારો જ નથી. આથી આવા કરારો વાદીને કોઈ કાયદેસરનો હકક ન્યોછાવર કરી શકતા નથી. આ કામના વાદી દુષ્કૃત્યમાંસામેલ હોવાથી વાદીનેતકરાર કરવાનો કેદાવો કરવાનો કોઈ કાયદેસરનો હકક કે અધિકાર નથી કે પહોંચતો નથી. જો નામદાર કોર્ટ એવા તારણ પર આવે કે, ઉપરોકત તકરારો છતાં દાવો ચાલી શકે તેમ છે તો પણ કોમર્શીયલ કોર્ટ એકટ

અનુસાર પણ આ દાવો નામદાર અદાલતમાં ચાલી શકતો નથી. કારણ કે કોમર્શીયલ કોર્ટ એકટ હેઠળ કાર્યવાહી કરવાની હકુમત પહોંચતી નથી. વાદી તરફથી દાવામા જે કબુલાત કરવામાં આવી છે તે મુજબ પણ વાદીનો દાવો કાયદા અનુસાર ચાલી કે ટકી શકતો નથી. વાદીએ જે હકીકતો કબુલ કરી હોવાથી સાક્ષી પુરાવાને પણ કોઈ અવકાશ નથી, અને આ બધી બાબતો દાવાના મુળમાં અસલ કરતી હોવાથી દાવો મુળથી જ રદ યાને નિરર્થક છે જેથી આ મુદાઓની સુનવણી કરી પ્રથમ તબકકે દાવાની ચાલવાની કાયદેસરતા નકકી કરવી જઈએ અને જો કાયદેસરતા ન હોય તો દાવો રદ કરવો જોઈએ.

પ્રતિવાદી નં.૪ તરફે આંક-૧૯ લગત વાદીનો દાવો રદ કરવા અરજ છે કે,વાદીએ તેમને પોતાના કરારમાં કબુલ કરેલ છે કે સદરહું મીલકત પારસ કોર્પો રેશનના નામે હોય તો ચીકનલાલ ચાં દમલ જૈન સાથે કરાર શું કામ કર્યો? ચીકનલાલ જૈ ન વાદીના પોતાના પક્ષનિવે દન અનુસાર પણ પારસ કોર્પોરેશનના માલીક, ભાગીદાર, હીસ્સે દાર ન હતા કે નથી કે ચાલી આવેલ નથી. આમ વાદીને કોઈપણ કાયદેસરના અધિકાર વિનાના વ્યકિત સાથે નાણાકીય લેવડદેવડ કરે તો તે તેની પોતાની જવાબદારી પર કરે છે. તેને કાયદાની કોર્ટમાં કોઈ અમલ બજવણી કરાવી શકાતી નથી કારણ કે જેથી સાથે કરાર કર્યો છે તે માલીક જ નથી. જેથી કોઈ કાયદેસરનો હકક આવા કરાર કરાવનારને પ્રાપ્ત થતો નથી. વાદીના પોતાના પક્ષનિવે દન અનુસાર વાદી કબુલ કરે છે કે સદરહું મીલકત પ્રતિવાદી નં.૨૪ ની છે અને પ્રતિવાદી નં.૨૪ જીઆઈડીસીમાં આવેલી મીલકતો એલોટીને લીઝ પર આપે છે જેથી એલોટી માલીક નથી કે બની જતા નથી. માત્ર તેમને વપરાશનો હકક આપવામાં આવે છે તે સિવાય કોઈ વધારાનો હકક પ્રાપ્ત થઈ શકતો નથી. પ્રતિવાદીઓ અને વાદી વચ્ચે કોઈ પ્રીવીટી ઓફ કોન્ટ્રેકટ ન હતો અને નથી. કહેવાતા કરારોના અમલ અંગે જે આધાર રાખવામાં આવ્યો છે તે કહેવાતા કરારોના આધારે પણ વાદીનો દાવો સમયમર્યાદા બહારનો હોવાથી મુળથી જ રદ યાને નિરર્થક છે.આ દાવામાં પાર્ટીને જે પ્રોપર પરિપેક્ષમાં જોડાવા જોઈએ તે જોડવામાં આવ્યા નથી અને મુળ કહેવાતો કરાર કરનાર મૃત્યુ પામ્યા છે. વાદી નામદાર અદાલતમાં ચોખ્ખા હાથે આવ્યા નથી. સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસ કરેલ હોવાથી પણ કાયદા અનુસાર દાવો ચાલી કે ટકી શકતો નથી. દાવાનું કારણ જ મૃત્યુ પામી

ગયુ હોવાથી સ્પેસીફીક પરફોર્મન્સ કોણ કરી આપે? જેની સાથે કરાર કરેલ છે તે કશુ આપી શકે તેમ નથી તેવુ વાદી જાણતા હતા, છતા વ્યવહાર કરે છે. આ દાવાને સ્પેસીફીક રીલીફ એકટની ૧૭ નો પણ બાધ નડતો હોવાથી કાયદા અનુસાર દાવો ચાલી કે ટકી શકતો નથી. વાદીએ સમન્યાચી દાદ માંગતી વેળાએ સમન્યાય આચરવો જોઈએ જે સમન્યાય આચર્યો નથી. જે કરારોને આધારે કર્યો છે તે કરારો તેમને કોઈ કાયદેસરનો હકક ન્યોછાવર કરતા નથી સબબ દાવો મુળથી જ રદ તથા કાયદાકીય અધિકાર સિવાયનો હોવાથી ચાલી કે ટકી શકતો નથી. દાવાને સ્પેસીફીક રીલીફ એકટની જોગવાઈનો બાધ નડે છે જેથી સદર કામના પ્રતિવાદી પાસ વાદી સ્પેસીફીક પરફોર્મન્સના માંગણી જ કરી શકતા નથી સબબ દાવો ગેરકાયદેસરનો, નિરર્થક, અપ્રમાણીક, દગાયુકત અને મુળથી રદ છે .વાદીનો દાવો સ્પેસીફીક રીલીફ એકટની, કોણ કરારનું સ્પેસીફીક પરફોર્મન્સ મેળવી શકે? અને કોની સામે મેળવી શકે? એ પરિપેક્ષમાં પ્રતિવાદીનો સમાવેશ થતો નથી અનેકોણ દાવાનુ સ્પેસીફીક પરફોર્મન્સ મેળવી શકેતેમાં વાદીનલ સમાવેશ થતો નથી જેથી આ દાવો કોઈપણ પ્ર કારે પરિપેક્ષ સ્પેસીફીક પરફોર્મન્સ થઈ શકતુ નથી. આ દાવામાં ડીફોલ્ટીંગ પાર્ટી જ નથી અને તેની કબુલાત પણ વાદીની છે. વાદીએ જે ચેકથી ચુકવણી કરી છે તે ચેક સબંધેના કોઈ દસ્તાવેજ રજુ કર્યા નથી કે બેંક ખાતુ રજુ કર્યુ નથી. કારણ કે વાદીને ખબર છે કે તે દસ્તાવેજો તેમના દાવાને નિરર્થક બનાવશે માટે તે રજુ કર્યા નથી, અને આ ગંભીર પ્રકારનું સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસ છે. વાદીનોદાવો પક્ષનિવેદન અને રજુ કરેલ દસ્તાવેજો જોઈએ તો કોઈ કરાર પર આધારીત જ નથી. અને જે કરારની વાત કરે છે તે કરાર પૈકી કેટલાક કરારો અસ્તિત્વ ધરાવતા નથી. જેથી જે બીનઅસ્તિત્વ ધરાવતા કરારો અંગેના પુરવણી કરાર એ ટલે કે કન્ટીજન્સી કરારનો સ્પેસીફીક અમલ થઈ શકે નહી, રદ કરેલા કરારોનો સ્પેસીફીક અમલ થઈ શકે નહી અને તેથી આ દાવો સ્પેસીફીક પરફોર્મન્સનો નથી કે થઈ શકતો નથી. જેની સાથે કરાર કરેલ છે તે મુખ્ય કરારની પાર્ટી દાવામા પક્ષકાર નથી. અને દાવો જે પાર્ટી સાથે કરાર કર્યો છે તેની સામે થઈ શકતો નથી. માટે ખોટમ, અપ્રમાણીક કથનો કરી જે પાર્ટી પક્ષકારો નથી તેને આમેજ કરી ન્યાયીક પ્રક્રિયા સાથે દગો કરી દાવો કર્યા છે જે મુળથી જ રદ છે. પ્રતિવાદીઓ અને વાદી વચ્ચે કોઈ પ્રીવીટી ઓફ કોન્ટ્રેકટ ન હતો અને નથી. કહેવાતા

કરારનો અમલ અંગે જે આધાર રાખવામાં આવ્યો છે તે કહેવાતા કરારોના આધારે પણ વાદીનો દાવો સમયમર્યાદા બહારનો હોવાથી મુળથી જ રદ યાને નિરર્થક છે. આ કામના વાદીના પોતાના કથન પ્રમાણે વાદી ગેરકાયદેસરના કરારના અમલબજવણી માટે નામદાર અદાલતમાં આવ્યા છે જે કાયદાકીય જોગવાઈઓ સાથે સુસંગત નથી અને ગેરકાયદેસરના કરારનો કાયદાકીય કોર્ટ અમલ થઈ શકે નહી. વાદીના કહેવાતા કરારો કોન્ટ્રેકટ એકટની કલમ ૨૩ અનુસાર પબ્લીક પોલીસી વિરુધ્ધના હોવાથી દાવો મુળથી જ રદ યાને નિરર્થક છે. દાવાના કથનો અનુસાર મોટા ભાગના પ્રતિવાદીઓ અને વાદી વચ્ચે કોઈ કરાર જ અસ્તિત્વમાં નથી. જેની કરેલ દાવો કાયદા અનુસાર ચાલી કે ટકી શકતો નથી. સદરહુ મુદાઓ આ કામના વાદીએ દાવા અરજીમાં કરેલ કબુલાતો અને કરેલા પક્ષનિવેદનના આધારે જણાવવામાં આવે છે તેના આધારે વાદીનો દાવો ચાલી જ શકતો નથી કાયદાની જોગવાઈઓ સાથે વિસંગત છે, અને આ સબંધે વાદીને જે હકીકતો કબુલ કરી હોવાથી સાક્ષી પુરાવાને પણ કોઈ અવકાશ નથી, અને આ બધી બાબતો દાવાના મુળમાં અસર કરતી હોવાથી દાવો મુળથી જ રદ યાને નિરર્થક છે જેથી આ મુદાઓની સુનવણી કરી પ્રથમ તબકકે દાવાની ચાલવાની કાયદેસરતા નકકી કરવી જોઈએ. વાદીની પક્ષનિવેદનને આધારે ઉપસ્થિત થતા કાયદાકીય મુદાઓ છે જેથી પણ સાક્ષી પુરાવાને કોઈ અવકાશ નથી. ઉપરની હકીકતમાં નામદાર અદાલતો આ તબકકે નકકી કરવાની જરૂર છે કે વાદીનો દાવો કાયદેસર રીતે ચાલી શકે છે? અને તે સબંધે નામદાર અદાલતને હકુમત પહોંચે છે? વાદીને દાવો કરવાને કોઈ કારણ ઉપસ્થિત થયુ છે? દાવો સમયમર્યાદામાં છે? વિગેરે પ્રશ્નો તેમના પક્ષનિવેદનની કબુ લાત હોવાથી દાવો કાયદેસર ચાલી કે ટકી શકતો નથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

પ્રતિવાદી નં.૫ તરફે આંક–૨૦ લગત નમ્ર તાપૂર્વકની અરજ છે કે, આ કામના વાદી નામદાર અદાલતમાં ચોખ્ખા હાથે આવ્યા નથી સબબ કોઈ પ્રકારની સમન્યાયી દાદ મેળવવા વાદી હકદાર નથી કે થઈ શકતા નથી. વાદીને દાવો કરવાનો કોઈ હકક કે અધિકાર ન હતો અને નથી આ કામના વાદી જે દાવો કરેલ તે દાવાને નોન જોઈન્ડર અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે સબબ દાવો કાયદા અનુસાર ચાલ કે ટકી શકતો નથી તેમજ સમયમર્યાદા

બહારનો હોવાથી કાયદા અનુસાર ચાલી શકતો નથી. વાદી જે કહેવાતા કરારનો અમલ માટે આવેલ છે તે કહેવાતા કરારોના અમલ સબંધે કોઈ કાયદેસરનું પીઠબળ કરારો ધરાવતા નથી સબબ દાવો આવા કરારો પર આધારીત હોવાથી મુળથી જ રદ યાને નિરર્થક છે. જે કરારો પર વાદી આધાર રાખે છે તે કરાર પૈકી કેટલાક કરારો રજીસ્ટ્રેશન એકટની જોગવાઈઓ વિરુધ્ધના હોવાથી કાયદા અનુસાર તે નું કોઈ અમલ થઈ કે નહી કે તેના આધારે કોઈપણ કાયદેસરની કાર્યવાહી થઈ શકતી નથી. કરાર કરતી વખતે માહિતી હતી કેતેઓ એવી વ્યકિતની સાથે થયેલી મીલકતના માલીક નથી, કબજેદાર નથી, ભોગવટેદાર નથી અને તેમનો કોઈ હકક નિર્ણિત થયો નથી તેવી વ્યકિત સાથે તેવી કહેવાતી મીલકતો સબંધે કરાર કરે તેનાથી તેમને કોઈ કાયદેસરનો હકક પ્રાપ્ત થતો જ નથી. વાદીનો દાવો કોઝ ઓફ એકશન વિનાનો હોવાથી કાયદા અનુસાર ચાલી કે ટકી શકતો નથી. અધુરા અને અપુર્ણ દસ્તાવેજો રજુ કરી ન્યાયીક પ્રક્રિ યા સાથે દગો કર્યો છે. આ કામના વાદીએ પ્રતિવાદીને મર્હુમ ચીમનલાલ જૈનના જમાઈ તથા પ્ર તિવાદી નં.૧ કંપનીના ડીરેકટર તરીકેએલીગેશન્સથી જોઈન્ટ કરેલા છેજેથી તેસિવાયની કેપેસીટીમાં આ દાવામાં હવે પછી કરેલા કથનો સબંધે ઈરરીલેવન્ટ, સ્કેન્ડેલશ હોવાથી તે રદ કરવા અને તે સબંધે પ્રતિવાદીની કોઈ જવાબદારી નકકી કરાવવાનો વાદીનેકોઈ હકક કે અધિકાર તેમના પોતાના પક્ષનિવેદનના આધારે નથી કે મળતો નથી. સબબ પ્રતિવાદીને ખોટી રીતે જુદી જુદી કેપેસીટીમાં જેમાં પ્રતિવાદીની કોઈ જવાબદારી નથી તેમાં આમેજ કરવામાં આવ્યા છે જે ન્યાયીક પ્રક્રિયાના દુરઉપયોગ સિવાય અન્ય કાંઈ નથી. સબબ પણ દાવો આ મુદે રદ કરવો જોઈએ. આ ઉપરાંત પ્રતિવાદી નં.૫ ચીમનલાલ જૈનના જમાઈ હોવાથી કહેવાતા કરારો પ્રતિવાદી નં.૧ સબંધે કોઈ નથી જ આથી પ્રતિવાદી નં.૧ ના ડાયરેકટર તરીકે તે પરિપેક્ષમાં પ્રતિવાદી નં.૫ ની કોઈ જવાબદારી નથી એક ચીમનલાલ ચાં દમલ જૈન ગુજરી ગયા બાદ ડાયરેકટર બન્યા છે તેથી જવાબદારી નથી, અને પ્રતિવાદી નં.૧ કંપની સાથે કહેવાતા કરારો થયા જ નથી. આથી પણ પ્રતિવાદીની જવાબદારી નથી કે થતી નથી. પ્રતિવાદીનુ કોઈ ઈન્વોલ્વમેન્ટ કેપેસીટીમાં ન હતુ અને નથી. વાદીનો દાવો સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસથી દુષિત હોવાથી કાયદા અનુસાર ચાલી કે ટકી શકતો નથી.કહેવાતા કરારોની તારીખ ધ્યાનમાં લઈને તો દાવો મુળથી જ રદ

યાને નિરર્થક છે કારણ કે આવા કહેવાતા કરારોમાં doctrine of mutuality is absent (આ બાબત પ્રતિવાદી સાથેના કરાર સબંધે જ જણાવી છે) જેથી દાવો કાયદા અનુસાર ચાલી કે ટકી શકતો નથી. વાદીએ પેરા નં.૨ માં પ્રતિવાદી નં.૫ વિરુધ્ધ દાદ(૨)ના ઉત્તરાર્ધમાં દાદ માંગી છે પણ પ્રતિવાદી નં.૫ નો તે પ્રપોર્ટી સબંધે કોઈ હકક કે અધિકાર નથી કે કોઈ લોકસ સ્ટેન્ડાઈ નથી જેથી પ્રતિવાદી નં.૫ વિરુધ્ધ દાવો જ ચાલી શકતો નથી અને તે મુળથી જ રદ છે. દાવાનો પ્રકાર આ કામના વાદીએ જાણીબુજીને ખોટી રીતે બદલી નાંખેલ છે, અને સ્પેશીયલ તરીકે કર્યો છે જે એબ્યુઝ ઓફ પ્રોસેસ ઓફ કોર્ટ છે. આ દાવામાં જે મીલકત અંગેનો હકક દાવો કરતા વાદી આવેલા છે તે મીલકત હોવાથી exclusively used for trade and commerce આ પ્રકારનો સ્પેશીયલ દાવો આ કામમાં ચાલી શકે તેમ નથી. વાદીને તેની માહીતી છે, અને તેમ છતાં નામદાર અદાલત પાસે ખોટો લાભ લેવા આ પ્રકારનો દાવો કરેલ છે અને તેમના કાયદેસરના હકક વિહીન છે જેથી કાયદાકીય જોગવાઈઓ અનુસાર પણ દાવો ચાલી શકતો નથી. વાદીના દાવાના પ્રવર્તમાન કાયદાઓનો બાધ નડતો હોવાથી આ કામના વાદીનો દાવો ઓર્ડર ૭ રૂલ ૧૧(ડી) પ્રમાણે પણ કાયદા અનુસાર ચાલી કે ટકી શકતો નથી અને રદ થવાને પાત્ર છે.

પ્રતિવાદી નં.૨૫,૨૬ તરફે આંક-૨૧ લગત વાદીનો દાવો રદ કરવા અરજ છે કે, પ્રતિવાદીઓ વિરુધ્ધ હાલનો દાવો કરવાને કોઈ કારણ કે કોઝ ઓફ એકશન ઉપસ્થિત થયેલ નથી અને આ કામના વાદી તરફથી પ્રતિવાદીઓ સબંધે જે કથનો કરવામાં આવ્યા છે તેમાં તેઓએ એવુ જણાવેલ છે કે, પુર્વકગ્રહ વિના વધુમાં રજુઆત કરવાની કે, અમો વાદીને ધ્યાને આવેલ છે કે, પ્રતિવાદી નં.૧ શાલીમાર ડાંઈગ પ્રા.લી.ના ડીરેકટર ચીમનલાલ ચાંદમલ જૈને વાદી સાથે કરેલ લેખો સંદર્ભે વાદી આ કામના પ્રતિવાદી નં.૫, ૨૫ અને ૨૬ નાઓને પ્રતિવાદી પક્ષકાર તરીકે જોડી મહેરબાન સુરતના બીજા એ ડી. સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પેશીયલ દિ.મુ.નં.૪૧/૨૦૨૦ કરેલો છે જે કેસ કોમર્શીયલ સ્યુટ ૧૧૨/૨૦૨૦ માં રૂપાંતર થયેલો છે. સદરહું કેસ કોમર્શીયલ કોર્ટ એકટની જોગવાઈ મુજબનો ન હોવાથી નામદાર કોર્ટે ૨૨.૦૯.૨૦૨૦ ના રોજ પરત કરેલ છે.આ કથનોથી પ્રતિવાદીઓએ આ કામમાં પક્ષકાર બનાવવાનો વાદીને કોઈ હકક ક અધિકાર ન હતો અને નથી, અને વાદી તેમ કરીને ન્યાયીક પ્રક્રિ

યાનો દુરઉપયોગ કરી રહયા છે. આ કામના વાદીએ પ્રતિવાદી નં.૨૫, ૨૬ નેઆ કામમાં જે આમેજ કર્યા છે that is sheer abuse of process of law, and sheer abuse of process of court the plaintiff has sought declaration of the contract which is entered into by and between we the defendant and chimanlal chandmal jain and plaintiff such contract is sought to be declare null and void, then how we are the necessary and proper party in a suit for specific performance. But the plaintiff want to abuse the process of coutr, this suit is fill against us, and hence, it requires to be dismissed in limine વાદીના કહેવા મુજબ કોઈ કન્સડીરેશનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કોઈ કાયદેસરનો હકક કે અધિકાર નથી તો પ્રતિવાદીઓ સામે કોઈ દાદ મળી શકે નહી, આ ઉપરાંત કરાર અમલ પાત્ર રહયો નથી રહેયો ન હતો થી કબુલાતને આધારે પણ આ કરાર સબંધે કોઈ જાતની દાદ માંગવાનો કે મેળવવાનો વાદીને કોઈ કાયદેસરનો હકક કે અધ્કિાર ન હતો અને રહયો નથી. પ્રતિવાદી નં.૨૫,૨૬ ને જોડીને ન્યાયીક પ્રક્રિયાનો દુરઉપયોગ કર્યો છે અને ખોટો લાભ મેળવવા માંગે છે તેવુ પ્રસ્થાપિત થાય છે. કરાર અમલને પાત્ર જ ન રહયો હોય તેના પક્ષકારોને નહી જોડવાથી મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે નહી કારણ કે તેવા પક્ષકારોને નેસેસરી અને જરૂરી, સબંધીત પક્ષકારો જ નથી. વાદીએ કબુલાત કરેલ છે કે ફોર્મલ પાર્ટી છે ફોર્મલ પાર્ટી હોવાથી કોઈ દાદ પ્રતિવાદીઓ વિરુઘ્ધ માંગી શકાતી નથી. વાદીએ જે કરારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે કરારની તારીખ પણ પક્ષનિવે દનમાં ખોટી જણાવી છે પ્રતિવાદીઓ વચ્ચે કહેવાતો કરાર અધુરી વિગતવાળો છે, એટલે inchoat document છે જેથી તે સંપુર્ણ ન થાય ત્યાં સુધી તેની કોઈ અમલ બજવણી થઈ શકે નહી. વાદી તરફથી જે કરાર રજુ થયો તે કરાર મુજબ શરત એવી છે કે બીજા પક્ષનાએ એટો કે વાદીએ દાવા અરજીમાં કબુલ કરેલ છે કે સદરહુ જમીન બીજા પક્ષના નં.૧ ના નામ ઉપર ટ્રાન્સફર કરાવવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે તે ટ્રાન્સફર કરાવવાની જવાબદારી પહેલા પક્ષનાની છે, અને સદરહુ જમીન બીજા પક્ષના પૈકી નં.૧ ના નામ પર ટ્રાન્સફર કરવા માટે જીઆઈડીસીને લગતો તમામ ખર્ચ, વ્યાજ,પેનલ્ટી,નુકશાનની તથા અન્ય જરૂરી તમામ ખર્ચાઓની જવાબદારી બીજા પક્ષનાની રહેશે અને જો બીજા પક્ષના કસુર કરે તો તે અંગે પણ કાંઈ વધારાની પેનલ્ટી લાગે તો તે

તમામ રકમ બીજા પક્ષનાએ ચુકવવાની છે સહી. આમ વાદીએ આ શરત અંગે અપ્રમાણીકતા દાખવી છે અને કલમ-૩ સાથે તેને વાંચવામાં આવે તો આ આખો કહેવાતો કરાર અવેજ વગરનો છે. ૧૫,૦૦૦/- કરતા વધારે કિમંત આવે તો જ વાદી અવેજ આપશે એવુ સ્વીકારે છે. ૧ ૫,૦૦૦/- જો આવે તો પ્રતિવાદીઓએ અવેજ વગર કામ કરવાનું રહેશે તેવી જે વાત છે તે બોગસ છે. આ ઉપરાંત વાદી પોતે કબુલ કરે છે કે, ટ્રાન્સફર કરાવવાની જવાબદારી પ્ર તિવાદી નં.૧ ની નથી પણ પ્રતિવાદી નં.૨૫,૨૬ ની છે. જયારે દાવા અરજીમાં કોઈ જુદી જ વાત કરે છે. આ ઉપરાંત આ કરાર જ પ્રસ્થાપિત કરે છે કે, વાદીનો આ મીલકતમાં કોઈ કાયદેસરનો હકક, અધિકાર ચાલી આવેલ નથી. આ કરારમાં સમયમર્યાદા નકકી કરવામાં આવે છે જે તા.૦૩.૧૨.૨૦૧૬ તી ૬ મહીના, એટલે કે તા.૦૩.૦૬.૨૦૧૭ સુધી દાવો કર્યાની તારીખ ૨૨.૦૧૦.૨૦૨૧ છે. જેથી દાવો કરવામાં આવ્યો છે જે પુર્ણતઉ સમયમર્યાદા બહારનો છે. વાદીએ જે દાવો કરેલ છે તે મીલકત કોમર્શીયલ મીકલત છે તેવું વાદી તેના પક્ષનિવેદનમાં કબુલ કરે છે અને જીઆઈડીસીની લીઝ પરની ઔધોગિક મીલકત છે જેથી આ જે સ્પેશીયલ દાવો કરવામાં આવ્યો છે તે થઈ શકતો નથી ઉપરાંત જે કરાર છે તે કોમર્શીયલ કરાર છે તેના અમલ બજવણીની વાત છે કે તેના ડેકલેરેશનની વાત છે તે કોમર્શીયલ કરાર હોવાથી આ દાવો ચાલી શકતો નથી. આ કામના વાદીને સંપુર્ણ જાત માહિતી અને જાણ છે કે તેઓ આ મીલકતના માલીક નથી જે વ્યકિતના આધારે કલેઈમ કરે છે તે પણ માલીક નથી. સબબ પણ દાવો કાયદાની જોગવાઈઓથી વિસં ગત, અપ્રમાણીક અને ફ્રોડયુલન્ડ હોવાથી ચાલી કે ટકી શકતો નથી. આ દાવામાં વાદી ૭૫ ટકા હીસ્સાનો હકક દાવો કરે છે અને ૨૫ ટકાનો હકક હિસ્સો પ્ર તિવાદી નં.૧ નો છે તેવુ કબુલ કરે છે. તે વા કોઈ દસ્તાવે જ વાદીએ રજુ કર્યા નથી. વાદીએ પ્ર તિવાદીઓ સાથે કર્યો હોય ત્યારે આ કરાર ફરજીયાત રજીસ્ટ્રેબલ ડોકયુમેન્ટની વ્યાખ્યામાં માવિષ્ટ થતો ડોકયુમેન્ટ છેઅને તેથી વાદીએ આ કરાર પ્રતિવાદી નં.૨૫,૨૬ સાથેકર્યો છે તે રજીસ્ટર્ડ કરાર નથી. જેથી કાયદાની નજરમાં આ કરારનું કોઈ અસ્તિત્વ નથી જેથી તે સ પેસીફીક પરફોર્મન્સના દાવાનો ભાગ બની શકે જ નહી અને પ્રતિવાદીને પક્ષકાર બનાવી શકાય જ નહી. દાવો અનરજીસ્ટર્ડ ડોકયુમેન્ટ પર આધારીત હોવાથી અનેમોટા ભાગના અન્ય

દસ્તાવેજો જેના પર વાદીએ રીલાય અપોન કર્યો છે તે પણ આવાવ જ પ્રકારના દસ્તાવે જો છે કે જે ફરજીયાત રીતે રજીસ્ટર્ડ કરાવવા પાત્ર છે, અને તેથી દાવો ગેરકાયદેસરના કાયદાની નજરમાં અસ્તિત્વ ન ધરાવતા કરારોને આધારે કરવામાં આવેલો હોવાથી મુળથી જ રદ યાને નિરર્થક છે. નામદાર કોર્ટને નમૂ અરજ છે કે ઓર્ડર ૧૩ રુલ ૩ પ્રમાણે તેઓના સબંધેનો જે દસ્તવોજ જે રજુ કર્યો છે વાદીએ, એ સ્વીકારવા પાત્ર જ નથી.રજુ થઈ શકતો નથી અને તે સબંધે ઉપરોકત જોગવાઈમાં નામદાર અદાલતને તેવો દસ્તાવેજ રીજેકટ કરવાની સંપુર્ણ સતા છે અને અધિકાર પ્રોસીજરમાં બક્ષ્યા છે સતાનો ઉપયોગ કરી દાવો રદ કરવો જોઈએ અને દસ્તાવેજ રીજેકટ કરવો જોઈએ અને પ્રતિવાદીઓને દાવામાંથીડીલીટ કરવા જોઈએ.વાદીના કબુલ કર્યા મુબજ પ્રતિવાદી નં.૨૫,૨૬ ફોર્મલ પાર્ટી હોવાથી દાવનો વિસ્તૃ ત જવાબ આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, અને તેઓ વાદીને કોઈ અધિકાર પણ નથી કે કાયદા મુજબ પ્ર તિવાદીઓની તેવી કોઈ જવાબદારી નથી. વાદીના દાવા અરજીના આધારે ધ્યાન પર લાવીએ છીએ જેથી આ મુદાઓ સંપુર્ણત: કાયદાકી મુદાઓ છે અને સાક્ષી પુરાવાને કોઈ અવકાશ નથી. પ્રતિવાદી નં.૧ થી ૪ ને કોઈ લેવા દેવા નથી તેઓ પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ વાદીને કોઈ કબજો સુપ્ર ત કર્યો નથી, કે વાદી સદરહું પ્લોટના કબજામાં નથી કારણ કે વાદી જો પ્લોટના કબજામાં હોત તો ગુજરાત પબ્લીક પ્રીમાઈસીસ ઈરીકશન એકટ હેઠળની નોટીસો તેમને મળી હોત મે તેમણે તે સબંધે કોઈ કાર્યવાહી કરી હોત, પણ તેવી કોઈ કાર્યવાહી કરી નથી કે તેમને નોટીસ આપવામાં આવી નથી અને આ દસ્તાવેજો તેમણે રજુ કરેલા છે જે પ્રસ્થાપિત કરે છે કે વાદીનો અને આ દસ્તાવેજો તેમણે રજુ કરેલા છે જે પ્રસ્થાપિત કરેલા છે કે વાદીનો સદરહું પ્લોટમાં કોઈ કબજો જ નથી. વાદીની તરફેણમાં મનાઈ હુકમ કે વચગાળાની દાદ આપવામાં આવે તો ન્યાયની કસુવાવડ થાય તેમ છે. વાદીનો દાવો સમયમર્યાદા બહારનો છે. આ કબુલાતો એ પણ પ્રસ્થાપિત કરે છે કે વાદીને કોઈ કાયદેસરનો હકક કે અધિકાર આ કરારો પુરો પાડતા નથી. કારણ કે વાદીએ કોઈ કરારો કર્યા જ નથી. આ દાવામાં ફકરો ૧૪ પ્રસ્થાપિત કરે છે કે સ્પેસીફીક રીલીફ એકટ પ્રમાણે વાદીએ કરવી જોઈતી પ્રક્રિયા, સ્ટેટમેન્ટ વિગેરે કર્યા નથી જે દાવાનો સ્પેસીફી પરફોર્મન્સ થઈ શકતુ જ નથી, અને પ્રતિવાદ નં.૨૫,૨૬

વિરુધ્ધ સ્પેસીફીક પરફોર્મન્સ કરવાની તો વાત વાદી કરતા જ નથી કારણ કે પ્રતિવાદીઓનો કરાર જે ગેરકાયદેસરનો છે તેને કોર્ટનો સ્ટેમ્પ મરાવવા આવ્યા છે કે ગેરકાયદેસર જાહેર કરો જે કરાર મુળભુત રીતે ગેરકાયદેસરનો હોય જે જાહેર કરાવવાની જરૂર ખરી એ નો કોઈ પરફોર્મન્સ થઈ શકતુ નથી. કારણ વાદીએ તો ન્યાયીક પ્રક્રિયાનો દુરઉપયોગ જ કરવો હતો જેથી જેટલો થાય તેટલો કરી લેવો. જેથી દાવો રદ કરો યાતો તેઓને ડીલીટ કરો. આ કામના પ્રતિવાદી નં.૨૫, ૨૬ વિરુધ્ધ જ દાદ માંગી છે તે ન્યાયીક પ્રક્રિયાનો એક દુરઉપયોગ છે. કરારમાં વાદીએ એક કિમંત નકકી કરેલી કે ૧૫,૦૦૦/- .૧૫૦૦૦/- આવે તો પ્રતિવાદી અને ચીકનલાલના ૩/૪, અને ૧/૪ અને ૧૫,૦૦૦/- ઉપર જે રકમ આવે તે રકમમાંથી વધારાની રકમમાં ૩૩-૩૩ ટકા પ્રતિવાદી નં.૨૫,૨૬ ના અને બાકીના ૩૩ ટકામાં ૮ ટકા ચીમનલાલના અને ૨૪ વાદીના પણ તે કયારે? જયારે પ્રતિવાદી નં.૧ ના નામેજીઆઈડીસીમાં મીકલત ટ્રાન્સફર થાય ત્યારે. અને મીલકત જીઆઈડીસીમાં ટ્રાન્સફર કરી આપવાની જવાબદારી પ્રતિવાદી નં.૨૫,૨૬ યાને કે પ્રતિવાદીની છે. પ્રતિવાદી નં.૨૫,૨૬ ને જીઆઈડીસીમાં ટ્રાન્સફર કરાવી આપવાનો કયો હકક? પ્રતિવાદી નં.૨૫,૨૬ તો માલીક છે જે નહી. પ્રતિવાદી નં.૨૫,૨૬ સાથે કરાર કરનારો પણ માલીક નથી. કરાર તો આમ પણ ફ્રસ્ટેટ થઈ જ ગયો છે. કારણ કે સમયમર્યાદા નકકી કરેલી એટલ ે તે બાદ કરારનું અસ્તિત્વ રહેતું નથી સિવાય કે સમયગાળો લંબાવી આપવામાં આવ્યો હોય.સમય લંબાવવાની તો કોઈ વાત પક્ષનિવેદનમાં છે જ નહી. સબબ પ્રસ્થાપિત કરે છે કે વાદીએ ન્યાયીક પ્રક્રિયાનો દુરઉપયોગ કરી પ્રતિવાદીઓને ખોટી રીતે આ કામમાં ઘસડયા છે, અને હેરાન પરેશાન કરે છે. આમ ઉપરોકત એકદરે હકીકત વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરવા જણાવેલ છે.

આ કામના વાદી તરફે આંક ૨૨ થી પ્રતિવાદીઓની ઉપરોકત અરજીઓનો સંયુકત જવાબ રજુ રાખેલ છે. વાદીનો સદર જવાબ વંચાણે લીધો.

આ તબકકે પક્ષકારોની અરજીના ગુણદોષ જોતાં, પહેલા એપેકસ કોર્ટ જુદા જુદા કેસોમા ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં જે નીચે મુજબ છે.

(1) In the case of Poonambhai Shanabhai Valand Decd vresus Hasmukhbhai Bachubhai Parsana held that,(GLR201732511)held that, “The Hon'ble Apex Court in a Below Ex 21 order Special Civil Suit no.522/2017 judgment reported in (2005) 7 SCC 510 in the case of Popat and Kotecha Property v.State Bank of India Association, while considering the scope of O.7 R.11 has also referred to its earlier judgment reported in (2004) 3 SCC 137 in the case of Sopan Sukhdeo Sable v.Asstt. Charity Commissionerand has observed, "Keeping in view the aforesaid principles the reliefs sought for in the suit as quoted supra have to be considered. The real object of Order 7 Rule 11 of the Code is to keep out of Courts irresponsible law suits. Therefore, Order 10 of the Code is a tool in the hands of the Courts by resorting to which and by a searching examination of of the party, in case the Court is prima facie of the view that the suit is an abuse of the process of the Court, in the sense that it is a bogus and irresponsible litigation,the jurisdiction under Order 7 Rule 11 of the Code can be exercised." (para12).

(2) In the case of Hemendra Ishwarbhai Patel Through Poa Piyush B Trivedi versus Gokulbhai Shanabhai Decd.Through Legal Heirs (LAWS(GJH)2017312)held that,

(8.) Before adverting to the rival contentions raised by the learned Advocates for the parties it would be beneficial to summarize the legal position on the rejection of the plaint under Order VII Rule 11,as propounded by the Supreme Court in various cases from time to time. The Supreme Court as back as in 1977 had stated in case of T.Arivandandam Vs. T. V. Satyapal and Anr. (supra) that if on a meaningful reading of the plaint it manifestly appears to be vexatious and meritless, not disclosing a clear right to sue, the trial Court should exercise its powers Below Ex 21 order Special Civil Suit no.522/2017 under Order VII Rule 11. It is also stated that if the clever drafting has created an illusion of a cause of action, the Court should nip it in the bud at the first hearing. In case of Popat and Kotecha Property Vs. State Bank of India Staff Association, reported in (2005) 7 SCC 510 and in case of Sopan Sukhdeo Sable and Ors. Vs. Assistant Charity Commissioner and Ors., reported in (2004) 3 SCC

137, it was observed inter alia that the real object of Order VII Rule 11 of the Code is to keep out of courts irresponsible law suits. The word 'shall' used in the said provision clearly casts a duty on the Court to perform its obligations in rejecting the plaint when the same is hit by any of the infirmities provided in the four clauses of Rule 11, even without the intervention of the defendant.

(Para9.)Of course, in the latest decision in case of P.V. Guru Raj Reddy Rep. By GPA Laxmi Narayan Reddy & Anr. Vs. P. Neeradha Reddy & Ors., reported in AIR 2015 SC 2485 the Supreme Court has put the Courts on guard by observing inter alia that rejection of the plaint under Order VII Rule 11 being drastic power conferred in the Court, to terminate civil action at the very threshold, the conditions precedent to the exercise of such power must be strictly complied with.

(Para 12.) So far as the rejection of plaint on the ground of being barred by law of limitation, the Supreme Court has held in case of Hardesh Ores (P) Ltd. Vs. Hede and Company (supra) in paragraph 25 as under:"

25. The language of Order VII Rule 11 CPC is quite clear Below Ex 21 order Special Civil Suit no.522/2017 and unambiguous. The plaint can be rejected on the ground of limitation only where the suit appears from the statement in the plaint to be barred by any law. Mr. Nariman did not dispute that "law" within the meaning of Clause (d) of Order VII Rule 11 must include the law of limitation as well. It is well settled that whether a plaint discloses a cause of action is essentially a question of fact, but whether it does or does not must be found out from reading the plaint itself. For the said purpose the averments made in the plaint in their entirety must be held to be correct. The test is whether the averments made in the plaint if taken to be correct in their entirety a decree would be passed. The averments made in the plaint as a whole have to be seen to find out whether Clause (d) of Rule 11 of Order VII is applicable. It is not permissible to cull out a sentence or a passage and to read it out of the context in isolation.

Although it is the substance and not merely the form that has to be looked into, the pleading has to be construed as it stands without addition or

subtraction of words or change of its apparent grammatical sense. As observed earlier, the language of Clause(d) is quite clear but if any authority is required, one may usefully refer to the judgments of this Court in Liverpool and London S. P. And I.Association Ltd. Vs. M.V.Sea Success I and Popat and Kotecha Property Vs. State Bank of India Staff Association."

આ કામના વાદીના હાલના દાવાની દાદ જોતાંવાદીએ સદર દાવાવાળા પ્લોટસ અંગે કરવામાં આવેલ સાટા ખત/કરાર/પુરવણી કરારના વિશેષ અમલ, વાદીના પ્રત્યક્ષ કબજા વપરાશના દાવાવાળા પ્લોટસના વાદીના કબજાના રક્ષણ, જાહેરાત તથા જાથુક મનાઈ હુકમ વિકલ્પે નુકશાન વળતર મેળવવા દાદ માંગેલ છે.

સદર કામે સૌ પ્રથમ સદર દાદ જાહેરાત (ડેકલેરેશનની) માંગવા સંબંધ ની સમયમર્યાદા ધી લીમીટેશન એકટ ના આર્ટિકલ :૫૮ અનુસંધાને હક ઉભો થાય તેના ૩ વર્ષમાં માંગવી પડે. દાવા અરજી તથા તે સાથે આંક ૩ વાળા લીસ્ટ ઓફ ડોકયુ મેન્ટસ થી રજુ કરેલ નિશાની ૩/૧૦ થી રજુ કરેલ દાવાવાળા પ્લોટસ નં.૧૮ અને ૧૯ નું વેચાણનું સાટાખત જોતાં સદર સાટા તા.૨૮/૦૨/૨૦૧૨ ના રોજ આ કામના વાદી તથા ચીમનલાલ ચાંદમલ જૈ નનાઓ વચ્ચે કરવામાં આવેલ છે. વાદીની દાવા અરજીના પક્ષ નિવેદન મુજબ આ કામના પ્રતિવાદી નં.૧ શાલીમાર ડાઈંગ પ્રા.લી. ૧૯૫૬ ના કંપની ધારા હેઠળ નોંધાયેલ કંપની છે જેના પાયાના ડીરેટકર તરીકે ચીમનલાલ ચાંદમલ જૈન કાર્યરત હતા તથા પ્રતિવાદી નં.૧ નો તમામ વહીવટ,વ્યવસ્થા, સંચાલન મજકુર ચીમનલાલ ચાંદમલ જૈન કરતા હતા. આમ, વાદીના પક્ષનિવેદન અનુસાર આ કામના પ્રતિવાદી નં.૧ શાલીમારા ડાઈંગ પ્રા.લી કં પનીના ડાયરેકટર તરીકે ચીમનલાલ ચાં દમલ જૈ ન એ સદરહું દાવાવાળા પ્લોટસ વાદી તથા પ્રતિવાદી નં.૫ ના સંયુકત નામે રૂા.૪,૩૫,૬૪,૪૦૦/– માં વેચાણ આપવાનું નકકી કરી તારીખ ૨૮/૦૨/૨૦૧૨ ના રોજ નોટરી સમક્ષ નોંધાયેલ વેચાણ સાટાખત કરી આપેલ છે. જે આ કામે નિશાની ૩/૧૦ થી રજુ રાખવામાં આવેલ છે.

વાદી તરફે નિશાની ૩/૧૦ થી રજુ સ્થાવર મીલકતના વેચાણનું સાટાખત વં ચાણે લ ેતાં સદર સાટાખત આ કામના વાદી તથા પ્રતિવાદી નં.૫ રોહન ભરતભાઈ પટેલ(પહેલા પક્ષના)

તથા ચીમનલાલ ચાંદમલ જૈનનાઓ (બીજા પક્ષના)વચ્ચે કરવામાં આવેલ છે. સદર સાટાખતમાં જ જણાવેલ છે કે ''હમો બીજા પક્ષનાની સ્વતંત્ર માલીકી અને કબજા વહીવટવાળી ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ તાલુકો સીટી શહેર સુરતના પાંડેસરા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ પારસ કોર્પોરેશનના નામે આવેલ પ્લોટ નં.૧૮ અને ૧૯ છે.''

ઉપરોકત હકીકત અને વિગત દાવા અરજીના પેરા(૪) સાથે વંચાણે લેતાં આ કામની પ્રતિવાદી નં.૬ મેસર્સ પારસ કોર્પોરેશન પાસેથી પ્રતિવાદી નં.૧ શાલીમાર ડાઈંગ પ્રા.લી. ના નામે દાવાવાળા પ્લોટસ તા.૧૪/૦૬/૧૯૯૧ ના રોજ તબદીલ કરવામાં આવેલ. પ્રતિવાદી નં.૧ શાલીમાર ડાઈંગ પ્રા.લી.કંપની તે કંપની ધારા ૧૯૫૬ અન્વયે નોંધાયેલી સંસ્થા/કોર્પોરેશન/કંપની છે. કંપની એકટ મુજબ કંપની એક અલગ જ એન્ટીટી છે એટલે કે તેનું કાયદામાં તેના ડાયરેકટર, મેનેજીંગ ડાયરેકટર, કંપની સેક્રેટરી વિગેરેથી અલગ અસ્તિત્વ હોય છે.

આ કામના વાદી અને પ્રતિવાદી નં.૬ તેમજ ચીમનલાલ ચાંદમલ જૈન કે જેઓ વચ્ચે દાવાવાળા પ્લોટસ નં.૧૮ અને ૧૯ નું વેચાણનું સાટાખત કરવામાં આવેલ છે તે સાટાખત ચીમનલાલ ચાંદમાલ જૈનનાઓએ પોતાની અંગત હેસીયત અને કેપીસીટીમાં કરેલ છે. સદર સાટાખતમાં જ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે પ્લોટ નં.૧૮ અને ૧૯ પારસ કોર્પોરેશનના નામે છે. જયારે સદર દાવાવાળા પ્લોટ કોર્પોરેશનના નામે હોય ત્યારે તેવા પ્લોટ કોર્પોરેશનના કોઈપણ ડાયરેકટર કે મેનેજીંગ ડાયરેકટરની તબદીલ કરવા, વેચાણ કરવા કે અન્ય કોઈપણ રીતે બોર્ડ ઓફ ડાયરેકરના જનરલ મીટીંગ/ વાર્ષિક સામાન્ય સભામાં ઠરાવ પસાર કર્યા વિના વેચાણ ,ગીરો,બક્ષીસ, તબદીલ કે હસ્તાંતર કરી શકવાની કોઈ સત્તા કે અધિકાર રહેલ નથી.

વધુમાં વાદી તરફે દાવાવાળા પ્લોટ નં.૧૮ અને ૧૯ નું વેચાણ કરવા,સાટાખત કરવા કે અન્ય કોઈપણ રીતે ચીમનલાલ ચાંદમલ જૈનનાઓને શાલીમાર ડાઈંગ પ્રા.લી દવારા કોઈ સત્તા,અધિકાર કે હકક આપવામાં આવેલ હોય તેવું કોઈ રીઝોલ્યુશન/ઠરાવ આ કામે રજુ કરવામાં આવેલ નથી.

સદર કામે સૌ પ્રથમ સદર દાદ જાહેરાત(ડેકલેરેશનની) માંગવા સંબંધે સમયમર્યાદા ધી લીમીટેશન એકટ ના આર્ટિકલ : ૫૮ અનુસંધાને હક ઉભો થાય તેના ૩ વર્ષમાં માંગવી પડે. દાવા અરજી જોતાં, વાદીના પ્લીડીગ મુજબ દાવાનું કારણ તા. ૦૨/૦૯/૧૫ ના રોજ ઉત્પન્ન થયેલ છે. કારણ કે નિશાની ૩/૧૦ થી રજુ સાટાખતના પેરા (૩) માં સ્પષ્ટતા અને શરત કરવામાં આવેલ છે કે ''આ સાટાખતની મુદત તારીખ ૦૨–૦૯–૨૦૧૨ સુધીમાં વિના વિલંબે ચુકવી આપવાની છે.

લીમીટેશન એકટના આર્ટીકલ– ૫૮ અન્વયે ૩ વર્ષની અંદર દાવો લાવવો જોઈએ જે વાદી લાવેલ નથી. આમ, વાદીએ સદર સાટાખત ના આધારે વાદીની દાદ ૩ વર્ષમા માંગવી પડે. જે વાદીએ ૩ વર્ષમાં પોતાનો દાવો દાખલ કરેલ નથી. વાદી તરફે નિશાની ૩/૧થી રજુ સાટાખતના હકકો એસાઈન કર્યાનો કરાર રજુ કરેલ છે. જે કરાર જોતાં આ કામના વાદીને પ્રતિવાદી નં.૫ દવારા સાટાખતના હકકો એસાઈન કર્યા અંગેનો છે. પરંતુ માત્ર કોઈ મીલકત અંગે સાટાખત કરવાથી સાટાખત અંગે કોઈ કાયદેસરના હકક કે અધિકાર પ્રાપ્ત થઈ જતાં નથી અને જયારે તેવા કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત જ થયેલ ન હોય તો તેવા હકક અધિકાર અન્ય કોઈને એસાઈન યા તબદીલ કરી શકાય નહી. વાદી તરફે નિશાની ૩/૧૩ થી રજુ પુરવણીનો કરાર વંચાણે લેતા સદર કરાર રૂા.૧૦૦/– ના નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર ઉપર કરવામાં આવેલ છે. સદર પુરવણીના કરાર કર્યાની તારીખ ૩/૧૨/૨૦૧૬ ના રોજની છે જયારે સ્ટેમ્પ નં.AY 773581 વાળો ખરીદ કર્યા તારીખ ૫/૧૨/૨૦૧૬ ના રોજની જણાય આવે છે. આમ, પુરવણી કરારના ઉપર કરવામાં આવેલ લખાણ સ્ટેમ્પ ખરીદ કર્યા પહેલાનું છે. એ હકીકત પણ શંકા પ્રેરે તેમ છે. સદર પુરવણીનો કરાર પણ ચીમનલાલ ચાંદમલ જૈનનાઓએ શાલીમાર ડાઈંગ પ્રા.લીના ડાયરેકટરની હેસીયતથી કરેલ હોય તેમ જણાય આવતું નથી. દાવાવાળા પ્લોટ ચીમનલાલ ચાંદમલ જૈન કે પ્રતિવાદી નં.૫ કે જેઓ ચીમનલાલ ચાંદમલ જૈનના જમાઈ થાય છે તેઓની અંગત અને સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની હોય અને તેઓને સદર પ્લોટસ વેચાણ કોઈ હકક કે અધિકાર રહેલ હોય તેમ જણાય આવતું નથી કારણ કે સદર પ્લોટસ શાલીમાર ડાઈંગ પ્રા.લીને એલોટી તરીકે ફાળવવામાં આવેલ છે નહી કે ચીમનલાલ ચાંદમલ

આવે કે ચીમનલાલ ચાંદમલ જૈનનાઓને દાવાવાળા પ્લોટસનો સાટાખત કરવા તેમજ પુરવણીનો કરાર કરવા અધિકાર રહેલ હતો તો પણ લીમીટેશન એકટના આર્ટીકલ ૫૮ અન્વયે પુરવણી કરાર ના પેરા (૩) વંચાણે લેતાં તેમાં એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે " તારીખ ૧૬.૦૬.૨૦૧૪ના રોજના આપણે પક્ષકારો વચ્ચે થયેલા કરારનો આ ભાગ ગણવાનો છે અને સદરહું તા.૧૬.૦૬.૨૦૧૪ ના રોજનો મુળ કરાર અને આ પુરવણીનો કરાર હંમેશા સંયુકત રીતે અને એક જ ભાગ તરીકે ગણવાનો છે, વાંચવાનો છે અને સમજવાનો છે અને તે અંગે પક્ષકારોએ ભવિષ્યમાં કોઈ તરતકરાર કરવા કરાવવાની નથી. આમ, તારીખ ૧ ૬.૦૬.૨૦૧૪ ના રોજથી ત્રણ (૩) વર્ષની સમય મર્યાદા ગણવામાં આવે તો આ કામના વાદીએ હાલનો દાવો સાટાખતના/પુરવણી કરારના વિશેષ અમલ માટે તા.૧૫.૦૬.૨૦૧૭ સુધીમાં દાવો કરવો જોઈતો હતો. પરંતુ આ કામના વાદીએ હાલનો દાવો તા.૨૨.૧૦.૨૦૨૧ ના રોજ ના.કોર્ટમાં દાખલ કરેલ છે.એટલે કે આ કામના વાદીએ ચાર(૪) વર્ષ ચાર (૪) માસ અને આઠ(૮) દિવસના વિલંબ બાદ ના.કોર્ટમાં દાખલ કરેલ છે. આમ, આ કામના વાદીના દાવાને લીમીટેશન એકટના આર્ટીકલ ૫૮ ની જોગવાઈઓનો સ્પષ્ટપણે બાધ નડતો હોવાનું અત્રેની અદાલતનું માનવું છે.

આ કામના પ્રતિવાદીઓની ઉપરોકત અરજીની તથા વાદીના જવાબની હકીકતો વંચાણે લીધી. બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની લંબાણપુર્વકની દલીલો સાંભળી.હાલની અરજીના ન્યાયનિર્ણય સારુ આ કામના પ્રતિવાદીએ સી.પી.સી.ની જે જોગવાઈ હેઠળ હાલની અરજી આપેલ છે તે જોગવાઈઓ વંચાણે લઈ અત્રે નીચે ટાંકવી જરુરી જાણાય છે.

**સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ દાવા અરજી નામંજુર કરવી.**

નીચેના પ્રસંગોએ દાવા અરજી નામંજુર કરવી જોઈએ.

(ક) તેમાં દાવાનું કારણ જણાવવામાં આવ્યું ન હોય,

(ખ) માંગેલી દાદની કિંમત ઓછી આંકી હોય, અને ન્યાયાલય ઠરાવે તે મુદતમાં કિંમતનો આંકડો સુધારી આપવાનું કહયા છતાં વાદી તેમ ન કરે,

૭/

(ગ) માંગલી દાદની કિંમત બરાબર આંકી હોઈ પણ ઓછા સ્ટેમ્પ મારેલાં કાગળ ઉપર દાવા અરજી લખી હોય અને ન્યાયાલય ઠરાવે તે મુદતમાં સ્ટેમ્પ વાળો કાગળ રજુ કરવાનું કહ્યા છતાં વાદી તેમ ન કરે,

**(ઘ) દાવા અરજીમાં લખેલા મજકુર ઉપરથી એમ જણાય કે કોઈ કાયદાથી દાવો ચલાવવાનો બાધ આવે છે,**

[(ચ) જયારે તે ડુપ્લીકેટ (બે નકલ)માં ન ફાઈલ કરવામાં આવે ત્યારે; ]

[(છ) નિયમ –૯ ના પેટા નિયમ(૨) હેઠળ જયારે વાદી સંમતિ આપવાનું ચુકે ;]

[(જ) [xxx;]

પરંતુ મૂલ્યાંકન સુધારવા અને જરુરી સ્ટેમ્પ વાળા કાગળો રજુ કરવા માટે ન્યાયાલયે નકકી કરેલ સમય વધારી આપવામાં આવે નહી, સિવાય કે લેખિત નોંધ કરવાના કારણોસર ન્યાયાલયને એવી ખાત્રી થાય કે કોઈ અસાધારણ પ્રકારના કારણસર, વાદી ન્યાયાલયે નકકી કરેલાં સમયની અંદર યથાપ્રસંગ, મૂલ્યાંકન સુધારી શકયો ન હતો અથવા જોઈતાં સ્ટેમ્પવાળા કાગળો રજૂ કરી શકયો ન હતો અને એવો સમય વધારી આપવાની ના પાડવાની વાદીને ગંભીર અન્યાય થાય તેમ છે.

વધુમાં ના.સુપ્રીમ કોર્ટ તથા વિવિધ વડી અદાલતોના માર્ગદર્શક ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો અનુસાર સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજીનો નિર્ણય કરતી વખતે ટ્રાયલ કોર્ટોએ માત્ર અને માત્ર દાવા અરજીમાનાં કથનોને જ ધ્યાનમાં લેવાના રહેતા હોય, વાદીની દાવા અરજી પરથી તેઓનો હાલનો દાવો ઉપરોકત સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ની તળ ની જોગવાઈઓના પરીઘમાં પડતો ન હોય, પ્રતિવાદીઓની હાલની અરજીના કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

પ્રતિવાદીઓની હાલની આંક ૧૬,આંક૧૯, આંક ૨૦ તથા આંક ૨૧ ની અરજીઓ આથી મંજુર કરવામાં આવે છે.

વાદીનો હાલનો દાવો દિવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ના હુકમ ૭ નિયમ ૧૧(ડી) અન્વયે નામંજુર યાને રીજેકટ કરવામાં આવે છે.

પક્ષકારોએ દાવાનો ખર્ચ સ્વંય ભોગવવો.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ ૩૦મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તારીખ :૩૦.૦૯.૨૦૨૩.
સ્થળ : સુ રત.

(ઉમેશચંદ્ર શંકરલાલ પરમાર)
૧૯માં અધિક સીનીયર સીવીલ જજ
સુ રત.
કોડ નં.જીજે૦૧૧૬૦.

Seen
[illegible]
Reg no. 4.
30/9/2023

Noted
Alfa Shinde
Def 1 [illegible]
Dt 30/09/2023

Seen
N.A. [illegible] for
(Plaintiff Adv.)
Dt:- 30/9/23